પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૯૫, કુલ પાના:૪, તારીખ: ૧૪-૧૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 95 PRICE :-RS. 1.50 DATE : 14-12-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું

## કાશી તો અવિનાશી છે, અહીં એક જ સરકાર છે, જેના હાથમાં ડમરું છે : વડાપ્રધાન મોદી





વારાણસી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું. મોદીએ ૨૦૧૪ની ચૂંટણીમાં વારાણસી લોકસભા સીટથી નામાંકન કર્યા બાદ નિવેદન આપ્યું હતું કે મા ગંગાએ બોલાવ્યો છે. મા ગંગા અને કાશી સંલગ્ન સૌથી મોટું વચન પીએમ મોદીએ આજે પૂરું કર્યું અને કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે હું બનારસ આવ્યો હતો ત્યારે મને વિશ્વાસ હતો. મને મારા કરતા બનારસના લોકો પર વિશ્વાસ હતો. કેટલાક લોકો કહેતા હતા કે કેવી રીતે થશે? આ તો થશે જ નહીં. મોદી જેવા અનેક લોકો આવીને જતા રહ્યા. બનારસ વિશે ધારણાઓ બનવા લાગી. આ જડતા બનારસની નહતી. અંગત સ્વાર્થ માટે બનારસ પર આરોપ લગાવવામાં આવ્યા. તેમણે કહ્યું કે કાશી તો કાશી છે, કાશી અવિનાશી છે. કાશીમાં એક જ સરકાર છે, જેના હાથમાં ડમરું છે, તેની સરકાર છે. જ્યાં ગંગા પોતાની ધારા બદલીને વહેતી હોય, તે કાશીને ભલા કોણ રોકી શકે? અહીં બધુ મહાદેવની ઈચ્છાથી થાય છે. જે પણ કઈ થયું તે બધુ મહાદેવે કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણા પુરાણોમાં કહ્યું છે કે જેવો કોઈ કાશીમાં પ્રવેશ કરે છે તમામ બંધનોથી મુક્ત થઈ જાય છે. ભગવાન વિશ્વેશ્વરના આશીર્વાદ, એક અલૌકિક ઉર્જા અહીં આવતા જ આપણા અંતરાત્માને જાગૃત કરી દે છે. તેમણે વધુમાં કહ્યું કે તમે જ્યારે અહીં આવશે તો ફક્ત આસ્થાના દર્શન નહીં કરો. પ્રાચીનતા અને નવીનતા એક સાથે સજીવ થઈ રહી છે, કેવી રીતે પુરાતનની પ્રેરણાઓ ભવિષ્યને દિશા આપી રહી છે તેના પણ સાક્ષાત દર્શન વિશ્વનાથ ધામ પરિસરમાં આપણે કરી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે એવું લાગે છે કે આપણું સમગ્ર ચેતન બ્રહ્માંડ સાથે જોડાયેલું છે. વિશ્વનાથ ધામના આ આયોજનથી સમગ્ર વિશ્વ જોડાયેલું છે. આજે ભગવાન શિવનો પ્રિય દિવસ સોમવાર છે. આજે એક નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. અહીં આજે જે આસપાસ પ્રાચિન મંદિર લુપ્ત થઈ ગયા હતા તેમને ફરીથી સ્થાપવામાં આવ્યા છે. વિશ્વનાથ ધાનું આ સમગ્ર પરિસર એક ભવન ભર નથી. તે ભારતની પ્રાચિનતાનું પ્રતિક છે, ઉર્જાશીલતાનું પ્રતિક છે. અહીં તમને તમારા ભૂતકાળના ગૌરવનો અનુભવ થશે.

પીએમ મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું. હજારો વર્ષની પ્રતિક્ષાનો અંત આવ્યો. પીએમ મોદીએ કહ્યું કે બાબા વિશ્વનાથના ચરણોમાં શીશ નમાવું છું. હમણા જ હું બાબા સાથે નગર કોટવાલ કાળ ભૈરવજીના પણ દર્શન કરીને આવું છું. કાશીમાં કઈ પણ નવું થાય તો સૌથી પહોલા તેમને પૂછવું જરૂરી છે.

સીએમ યોગીએ ઉદ્ઘાટન સમારોહને સંબોધતા કહ્યું કે હજારો વર્ષોની પ્રતિક્ષા આજે પૂરી થઈ. ભારતમાતાના મહાન સપૂતે આ સપનાને પૂરું કર્યું. સમગ્ર કાશી, દરેક ભારતવાસી અને દુનિયાભરમાં ભારતીય પરંપરાના દરેક અનુગામી પીએમ મોદીનો આજે આભાર માની રહ્યા છે. છેલ્લા ૧૦૦૦ વર્ષમાં કાશીએ વિપરિત પરિસ્થિતિઓનો સામનો કર્યો. ઈન્દોરની મહારાણી આહિલ્યાબાઈએ મંદિરના જીર્ણોદ્ધારમાં યોગદાન આપ્યું. પરંતુ કાશી વિશ્વનાથ એક એવું સ્વરૂપ હશે જેની પરિકલ્પના ફક્ત મોદીએ કરી.

તેમણે કહ્યું કે આજે રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની ૧૦૦ વર્ષ જૂની પીડા દૂર થઈ. ૧૦૦ વર્ષ પહેલા જ્યારે તેઓ કાશી આવ્યા હતા ત્યારે અહીંની સાંકડી ગલીઓ અને ગંદકી જોઈને તેમને ખુબ દુખ થયું હતું. અનેક લોકો બાપુનું નામ લઈને સત્તામાં આવ્યા પરંતુ તેમની આ ઈચ્છા ક્યારેય પૂરી થઈ નહીં.

પીએમ મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરનારા મજૂરો પર પુષ્પવર્ષા કરી. એટલું જ નહીં તેમણે તમામ મજૂરો સાથે ફોટો પણ પડાવ્યો. પીએમ મોદી કળશમાં જળ લઈને કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા. પીએમ મોદીએ ૧૨ જ્યોતિર્લિંગથી લાવવામાં આવેલું જળ બાબાને ચડાવ્યું. પીએમ મોદીએ લલિતા ઘાટ પર માતા ગંગાનને પ્રણામ કર્યા અને નદીમાં સ્નાન કર્યું. ત્યારબાદ પીએમ મોદીએ કળશમાં જળ લીધુ અને પછી પગપાળા જ કાશી વિશ્વનાથ મંદિર જવા માટે રવાના થયા હતાં પીએમ મોદી કાળ ભૈરવ મંદિરે ગયા અને ત્યાં પૂજા અર્ચના કરી. આ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસી પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર સીએમ યોગી આદિત્યનાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

## શ્રીનગરના જેવાન વિસ્તારમાં આતંકવાદીઓએ પોલીસ બસ પર ગોળીબાર

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં મોટો આતંકી હુમલો થયો છે. શ્રીનગરના જેવાન વિસ્તારમાં આતંકવાદીઓએ પોલીસ બસ પર ગોળીબાર કર્યો હતો. આતંકીઓના ગોળીબારમાં ૩ જવાન શહીદ થયા છે. જ્યારે ૧૧ જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને વાહનોનું ચેકિંગ સઘન કરી દેવામાં આવ્યું છે.

કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે, શ્રીનગરના પંથા ચોક વિસ્તારમાં જેવાન પાસે આતંકવાદીઓએ પોલીસ વાહન પર ગોળીબાર કર્યો, આ હુમલામાં ૧૪ જવાન ઘાયલ થયા.

ઘાયલ થયેલા તમામ જવાનોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે, ઘાયલ પોલીસકર્મીઓમાં એક ASI અને એક સિલેક્શન ગ્રેડ કોન્સ્ટેબલનું મોત થયું છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. છેલ્લા કેટલાક દિવસોમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા પોલીસ અને સેનાને નિશાન બનાવવાની ઘટનાઓમાં વધારો થયો છે.

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાંથી બીજેપીના એક નેતાનો PSO એક સાથી સાથે ગુમ થયો હતો. બે હથિયાર પણ ગાયબ છે. કેસ નોંધ્યા બાદ પોલીસે બંનેની શોધખોળ શરૂ કરી છે. આ અંગે હજુ વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ તે આતંકવાદી સંગઠનમાં જોડાયો હશે કે કેમ તે અંગે પણ વાત કરવામાં આવી રહી છે.

સાકિબ અહેમદ તંત્રે બીજેપી નેતા અબ્દુલ રશીદ ઝરગર સાથે PSO તરીકે તૈનાત છે. તે બોહીપોરાના રહેવાસી તેના ભાગીદાર આરીફ અહેમદ સાથે રાત્રે ગુમ થઈ ગયો હતો. બંને પોલીસકર્મી છે અને PWD બિલ્ડિંગમાં તૈનાત છે. કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગ બાદ ભાજપના નેતાઓને સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યા છે, તેથી ભાજપના નેતાને PWD ભવનમાં રાખવામાં આવ્યા છે. બંને ત્યાં તૈનાત હતા. રાત્રે અચાનક ગાયબ થઈ ગયો.

## બંગાળમાં ત્રીજી લહેરની શરુઆત થઈ ગઈ છે : નવા ૫૮૩ કેસ, જ્યારે ૬ના મોત થયા છે

કોલકતા,

કોરોનાના ઓમિક્રોનનો ખતરો યથાવત છે. ભારતમાં આ લગભગ ૬ રાજ્યોમાં ફેલાઈ ચૂક્યો છે. આ સાથે કેટલાક રાજ્યોમાં કોરોનાના નવા કેસ વધી રહ્યા છે. રવિવારે જારી આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૮૩ નવા કેસ સામે આવ્યા હતા. આ સમયમાં રાજ્યોમાં ૬ લોકોના મોત થયા છે. આ બાદ પશ્ચિમ બંગાળમાં કોરોનાના સક્રિય મામલાની સંખ્યા ૭૫૪૮ થઈ ગયા છે.

રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી ૧૯,૬૦૦ લોકોના મોત થયા અને ૧૬, ૨૩, ૧૯૧ કેસ સામે આવ્યા છે. ગત ૨૪ કલાકમાં કોરોનાના ૫૯૧ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. જે ૯૮.૩૩ ટકાના દરની સાથે કુલ ૧૫, ૯૬, ૦૪૩ થઈ ગયા છે. તાજા મામલામાં કોલકત્તામાં સૌથી વધારે ૨૧૭ નોંધાય છે. ઉત્તર ૨૪ પરગના ૧૦૮ મામલાની સાથે બીજા સ્થાન પર હતો.

રવિવારે ઉત્તર ૨૪ પરગનામાં સૌથી વધારે ચાર મોત થયા છે. આ બાદ કોલકત્તામાં ૨ મોત થાય છે. રાજ્યમાં સરકારે કોરોનાના નવા સંક્રમણ ઓમિક્રોને જોતા કહ્યું છે કે તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને કોરોના પોઝિટિવ રિપોર્ટ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવી. કેટલાક સેમ્પલ સ્ટ્રેન ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે કેરળ, આંધ્ર પ્રદેશ અને ચંદીગઢમાં રવિવારે કોરોના વાયરસના નવા સ્વરુપ ઓમિક્રોનના એક- એક મામલાની ખરાઈ થઈ છે. ૩ જગ્યાઓ પર વાયરસના નવા સ્વરુપનો પહેલો મામલો સામે આવ્યો છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓમિક્રોનના ૧-૧ દર્દી મળ્યા બાદ હવે દેશમાં ઓમિક્રોનના દર્દીની સંખ્યા ૩૮ થઈ ગઈ છે. રવિવારે નોંધવામાં આવેલા તમામ મામલામાં દર્દીઓએ વિદેશ યાત્રા કરી હતી.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સિધ્ધપુરના સરસ્વતી મુક્તિધામમાં ધારાસભ્ય આશાબેનના પાર્થિવદેહને અગ્નિદાહ અપાયો



મહેસાણા,
મહેસાણા જિલ્લાના ઊંઝાનાં ધારાસભ્ય આશાબેન પટેલનું રવિવારે અવસાન થતાં આજે સિદ્ધપુરમાં અંતિમવિધિ કરાઈ છે. આશાબેનના પાર્થિવદેહને ગતરાત્રે ઊંઝા એપીએમસીમાં રાખવામાં આવ્યો હતો. જ્યાંથી સવારે તેમના વતન વિશોળ ખાતે લઈ જવાયો હતો. ત્યાથી સિદ્ધપુરના સરસ્વતી મુક્તિધામમાં આશાબેનની અંતિમવિધિ તેમના ભાઈના હાથે પૂર્ણ કરાઈ છે.

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, બળવંતસિંહ, સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર સહિતના નેતાઓ આશાબેનની અંતિમ વિધીમાં હાજર રહ્યા હતા.જ્યાં ભારત માતાકી જય, વંદે માતરમ અને આશાબેન તુમ અમર રહોના નારા લાગ્યા હતા. આશાબેનના ભાઈના હાથે તેમની અંતિમ વિધી પૂર્ણ કરાઈ છે.

આજે સવારે ૮ વાગ્યે ઊંઝા એપીએમસી ખાતેથી તેમની અંતિમયાત્રા કઢાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ યાત્રા બરોડા બેંક, વિજય સોસાયટી, સજ્જન બેંક, ગોકુલધામ, ઉમિયા માતાજી ચોક, ઉમા સોસાયટી રોડ, વિશ્વકર્મા રોડ, ગાંધીચોક, ઊંઝા નગરપાલિકાથી અંડરબ્રિજ થઈ તેમના ગામ વિશોળ ખાતે લઈ જવાઈ હતી, ત્યાંથી અંતિમવિધિ પાર્થિવદેહને સિદ્ધપુર લઈ જવામાં આવ્યો હતો. ઊંઝા એપીએમસીમાં અંતિમ દર્શન માટે રખાયેલા પાર્થિવદેહનાં મોટી સંખ્યામાં લોકોએ અંતિમ દર્શન કર્યાં હતાં. જ્યારે આજે તેમની અંતિમ યાત્રા નિકળી હતી. આશાબેનના નિધનને લઈને સમગ્ર ઊંઝા શોકમય બન્યુ છે. આજે ઊંઝા અને વડનગરના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળીને આશાબેનને શ્રદ્ધાજલિ અર્પણ કરી છે. આશાબેન પટેલની અંતિમવિધિમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેવાની શક્યતાઓને જોતા સિદ્ધપુર નગરપાલિકા દ્વારા નદીના પટમાં જરૂરી વ્યવસ્થા કરવામા આવી હતી.મહેસાણા જિલ્લાના ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલનું ડેન્ગ્યુને કારણે મલ્ટી ઓર્ગન ફેલ થતા રવિવારે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં નિધન થયું હતું. અમદાવાદમાં સારવાર દરમિયાન નિધન થયા બાદ તેમના પાર્થિવદેહને ઊંઝા લઈ જવામાં આવ્યો હતો.

# ગોધરાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં ટ્રાયબલ ચેર સમિતિની રચના કરવામાં આવી




ગોધરા,
તાજેતરમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માં માનનીય કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ તેમજ રજીસ્ટ્રાર ડો. અનિલભાઈ સોલંકીના અધ્યક્ષપણા હેઠળ કુલ ત્રણ ચેર સમિતિની રચના કરવામાં આવી.

પ્રથમ ડો.બાબાસાહેબ આંબેડકર ચેર, બીજી ટ્રાયબલ ચેર અને ત્રીજી શ્રી સ્વામી વિવેકાનંદ ચેર, શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર અનુસૂચિત જાતિના લોકોનું સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ કરીને એમાં દેશની મુખ્ય ધારા સાથે જોડાણ ૨૦૩૦ સુધીમાં ૫૦% અને ૨૦૪૦ સુધીમાં ૭૫% થી ૧૦૦% સુધીનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે સ્થાપના કરવામાં આવેલ છે, તેના સંચાલન માટે માનનીય કુલપતિ શ્રીના આદેશ અનુસાર ૭ સભ્યોની રચના કરવામાં આવી.

(૧) ડો. મહેશ રાઠવા. એસો. પ્રોફેસર. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાંકણપુર (૨) ડો. ઉપેન્દ્ર રાઠવા. એક્ઝિક્યુટિવ કાઉન્સલીંગ સભ્ય, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા. (૩) ડો. સુરેન્દ્ર ચૌધરી.એસો. પ્રોફેસર. શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા. (૪) ડો. દક્ષાબેન પટેલ.એસો. પ્રોફેસર. આર્ટસ કોલેજ, કોઠંબા. (૫) ડો. શ્રેયસ પટેલ. આસી. પ્રોફેસર. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ. (૬) ડો. ગોવિંદ નંદાણીયા. આસી. પ્રોફેસર. એસ.આર.ભાભોર આર્ટસ કોલેજ, સિંગવડ. (૭) ડો. સાબતસિંહ પટેલ, આસી. પ્રોફેસર. આસ કોલેજ, વાઘજીપુરની નિમણૂંક કરવામાં આવેલ છે. આ સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધન કેન્દ્ર આદિવાસી લોકોની આર્થિક, સામાજિક, રાજનૈતિક તેમજ તેમજ સ્વાસ્થ્ય શિક્ષણ રોજગારીની વિભિન્ન સમસ્યાઓ ઉપર સંશોધન કરીને તેમના ઉકેલ માટે સુચનો નીતિ વિષયક નિર્ણયો કરનાર રસ્તાઓને આપશે શિક્ષણ, કૌશલ્ય વિકાસ તેમજ રોજગારલક્ષી અભ્યાસક્રમો શરૂ કરશે. આ સમિતિના ધ્યેય આદિવાસી જાતિઓની વર્તમાન સમસ્યાઓ અંગે શોધ, જરૂરિયાત મુજબ શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા, રોજગાર વિકાસ માટે તાલીમ અને રોજગાર, આદિવાસી કલ્યાણકારી કાર્યક્રમોનું મૂલ્યાંકન કરી સુધારા માટે સુચનો આપવા, આદિવાસી વિકાસ અને કલ્યાણ કાર્યક્રમો માટે સરકારી અને બિન સરકારી કર્મચારીઓને તાલીમ આપવી. આ સમિતિના કાર્યો આદિવાસીઓની સામાજિક તેમજ સાંસ્કૃતિક, માનવ જાતનું વર્ણન, માનવશાસ્ત્ર આ અંગે સંશોધન, આદિવાસીઓની આર્થિક સ્થિતિ અંગે સંશોધન, આદિવાસીઓ માટેની સરકારી યોજનાઓના મૂલ્યાંકન અંગે અભ્યાસ કરીને નીતિ નિર્ધારણ અંગે સરકારને સૂચનો, આદિવાસીઓની સમસ્યાઓ ને લગતા શૈક્ષણિક (M.Phil, Ph.D, Post Ph.D level Research) સંશોધનનો ઉત્તેજન તેમજ સગવડતા આપવી. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેરના તમામ સભ્યો માનનીય કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ તેમજ માનનીય રજીસ્ટ્રાર ડો. અનિલભાઈ સોલંકીનો ખુબ હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો છે.

# જાંબુઘોડાના ડુમા પાસે નર્મદા કેનાલમાં ડુબેલા બે મિત્રોના મૃતદેહો મળી આવ્યા

જાંબુઘોડા,
જાંબુઘોડા તાલુકાના ડુમા ગામ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં ડુમા ઉંચેટ ગામ પાસે ત્રણ મિત્રો પૈકી કેનાલમાં હાથ પગ ધોવા ઉતરેલા બે મિત્રો તણાઈ જતા બે દિવસથી શોધખોળ આરંભી હતી. ભારે શોધખોળ બાદ બંને મિત્રો પૈકી સુનીલનો મૃતદેહ મોરખલા અને અરવિંદનો મૃતદેહ ત્રિકમપુરા (વાઘોડિયા)પાસે મળી આવ્યો હતો. જરોદથી આવેલ એન.ડી.આર.એફ.ની ટીમે બે ટુકડી બનાવી શોધખોળ આરંભી હતી. જેમાં સુનીલ બારીયાનો મૃતદેહ મોરખલા પાસે દેખાયો હોવાની જાણ થતાં તેને બહાર કાઢી પી.એમ.અર્થે મોકલાયો હતો. કેનાલમાં ડુબેલા સુનીલનો મૃતદેહ મળ્યા બાદ બીજા મિત્ર અરવિંદની શોધખોળ આરંભી હતી. અને પરિવારજનો પોલીસ અને એન.ડી.આર.એફ. એ શોધખોળ કરતા અરવિંદનો મૃતદેહ ત્રિકમપુરા ગામ પાસે કેનાલમાં દેખાતા તેને પણ બહાર કાઢી પોલીસનો સંપર્ક સાધતા વાઘોડિયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરવા(હ)ના ગાજીપુર ગામ ખાતે રાવળ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
મોરવા હડફ તાલુકાના ગાજીપુર મુકામે રાવળ સમાજ નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં નરવત ભાઈ કાળુભાઈ રાવળ, અભેસિંહ રાવળ સહિત ઉપસ્થિત અગ્રણીઓએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. જ્યારે રાવળ સમાજ એકતા સેવા મંચગ્રુપ દ્વારા આજ ગામના સમરસ ગ્રામ પંચાયતના નવિન બનેલ સરપંચ પ્રીતિબેન શૈલેષભાઈ રાવળનું બુકે આપીને તેમનું સન્માન કરેલ હતું. રાવળ સમાજના ઉપસ્થિત અગ્રણીઓએ જ્ઞાતિ બંધુઓ ખૂબ જ પ્રગતિ કરે અને દરેક બાળક શિક્ષણમાં આગળ વધે તે સહિતની અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સંતરોડ ધર્મપાલભાઈ રાવળ, ઘોઘંબા અશ્વિનભાઈ રાવળ, મહેશભાઈ રાવળ સામાજીક કાર્યકર બળવંતભાઈ રાવળ વિનોદ ભાઈ રાવળ તેમજ પંચમહાલ દાહોદ થી રાવળ સમાજના દુર દુરથી રાવળ સમાજના આગેવાનો વડીલો સમાજ બંધુઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરવા(હ)ના દેલોચ ગામે આત્મહત્યાની દુષ્પ્રેરણા માટે બે ઈસમો સામે ફરિયાદ નોંધાઈ

ગોધરા,
મોરવા(હ)તાલુકાના દેલોચ ગામે એક વ્યકિત સાથે ગામના જ બે શખ્સોએ અવાર નવાર ઝઘડો કરી મરવા માટે મજબુર તેમજ દુષ્પ્રેરણા આપી હતી. આખરે તે વ્યકિતએ કંટાળી પોતાના જ ખેતરમાં આવેલ એક ઝાડ સાથે તા.૨ના રોજ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મૃતકની પત્નિએ બે વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી આગળ વધુ તપાસ હાથ ધરી હતી.

દેલોચ ગામના પટેલ ફળિયામાં રહેતા પાર્વતીબેન મનુભાઈ બામણિયા ગત તા.૧૦મી એ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, રશ્મિકાંત દલસુખભાઈ બામણિયા (રહે.દેલોચ)એ વર્ષ–૨૦૦૬માં મારા પતિ મનુભાઈ રયજીભાઈ બામણિયાની જમીનની નકલો તેમજ આધાર પુરાવાઓ લઈ તેઓની સહમતીથી નવુ ટ્રેકટર, ટ્રોલી, તથા કલ્ટિવેટર ખરીદ્યુ હતુ. તેની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં લોન કરાવી રશ્મિકાંત બામણિયા એ લોનના હપ્તાના કુલ રૂ.૪,૫૫,૦૦૦ ભર્યા ન હતા. એજન્ટ ભારતભાઈ બામણિયા એ મનુભાઈને લોન તો તમારા નામે જ કરાવેલી છે માટે લોન તો તમારે જ ભરવી પડશે તેમ જણાવી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબુર તેમજ દુષ્પ્રેરણા આપતા આખરે કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા બંને આરોપીઓ વિરુદ્ધ પત્નિએ ફરિયાદ નોંધાવી હતી.



દાહોદ જિલ્લા મહિલા મોરચા દ્વારા દાહોદ ગ્રામ્યમાં સરકારી બોરડી (ખેડા ફળિયું) ગામમાં મહિલા મોરચાની બહેનો દ્વારા ‘‘ભવ્ય કાશી’’ ‘‘દિવ્ય કાશી કળશ’’ યાત્રા કરી મહાદેવ શંકર ભગવાનના મંદિરમાં જળાભિષેકનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં મહિલા મોરચાનાં બહેનો દ્વારા જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ મેઘાબેન પંચાલ, જિલ્લા મહિલા મોરચાના કારોબારી સભ્ય નયનાબેન શાહ, દાહોદ ગ્રામ્યની મહિલા મોરચાના પ્રમુખ બકુલાબેન પરમાર, મહામંત્રી સંધ્યાબેન ભુરીયા, ઉપપ્રમુખ ગીતાબેન પરમારની ઉપસ્થિતિમાં ૬૦ જેટલી સંખ્યામાં ગ્રામ્ય વિસ્તારની બહેનોની સાથે આ કાર્યક્રમ ની સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યો હતો.

# એ પિયરિયું



જીજ્ઞા કપુરીયા (નિયતી)

પિયર એટલે ‘‘માનો ખોળો.’’ એક એવું બારણું જે ક્યારેય તમારા માટે ખુલ્લુ જ હોય. એક સ્ત્રી ગમે એટલી મોટી થશે પણ પિયરિયું એનાથી છુટતું નથી, પિયર માટે એનાં હૃદયમાં કુણી લાગણી અવશ્ય હશે કારણ, જે આંગણામાં બાળપણ વીત્યું એ કોઈપણ સંજોગોમાં ભુલાવું મુશ્કેલ છે . તો ચાલો આજે આ પિયરની યાદને માણીએ.

એ પિયરિયું
જ્યાં તમારા માતાપિતાએ ખૂબ લાડલડાવ્યા હશે પણ, પછી પારકીથાપણ છે એ યાદ આવતાં છાનામાના આંખનાં અશ્રુ લુછી લીધા હશે.

એ પિયરિયું
જ્યાં તમારી ભૂલ પર તમને સ્વજનોનો ઠપકો પણ મળ્યો હશે પણ, પછી પોતાની લાડકવાયીને બીજાંને સોપતાં જીવ કચવાતો હશે...

એ પિયરિયું
જ્યાં દાદાદાદીએ વાર્તાઓથી તમારામાં સંસ્કારના બીજ રોપયા હશે ને એમની છત્રછાયામાં રહીને તમે યુવાનીમાં પગ મૂક્યો હશે...

એ પિયરિયું
જ્યાં તમે ભાઈબહેન સાથે નાની અમથી વાતમાં પણ લડયાં ઝઘડયાં હશો ને પછી ગળે વળગીને પાછાં ભેગાં પણ થઈ ગયાં હશો....

એ પિયરયું
જ્યાં ભેરૂબંધુઓ સાથે ધીંગામસ્તી પણ કરી હશે ને હજી પણ એ દિવસો યાદ ભેગાં મળી કરતાં હશો....

એ પિયરિયું
જ્યાં તમારી ડગુમગુ ચાલ અને કાઢીને કાલીઘેલી ભાષાનાં પડઘા હજુપણ ત્યાંની શેરીમાં ગુંજતાં હશે ને એજ શેરી તમારા આગમનની વાટ કાગડોળે જોતી હશે....

એ પિયરિયુ
જ્યાં તમે કંકુનાં થાપા પાડીને પિયરને પારકુ કર્યું હશે પણ હૃદયથી અળગુ ક્યારેય નહીં થશે ....

તમારી લકઝરીયસ જિંદગીથી થાકીને કંટાળોને મારા વહાલા ત્યારે પિયરની વાટ અવશ્ય પકડયો તમને અવિરત શાંતિ મળી જશે એતો નિશ્ચિત જ છે.

ખરેખર મિત્રો, એક સ્ત્રી ક્યારેય પણ પિયરને ભૂલી તો શું પણ એની વિરૂદ્ધ એક પણ શબ્દ સાંભળી પણ શકતી નથી. મિત્રો, એક દીકરી જેટલો ત્યાગ કોણ કરી શકશે? જે પારકાંને પોતાને કરવામાં પોતાનાં અસ્તિત્વને જ ભૂલી ગઈ છે કારણ, લગ્ન પછી પિયર પારકું ને સાસરે પારકીજણી ! આ બન્ને પક્ષની લાજ પિયરનું પાનેતર અને સાસરિયાની ચૂંદડીને માથે મોડીયો પહેરીને એક સ્ત્રી જ સાચવી શકે.

# ગોધરા દોઢપા ફળીયા બંજારા પાર્ટી પ્લોટ માંથી બાઈક ચોરી કરતો ગઠિયો CCTVમાં કેદ



ગોધરા,
ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ દોઢપા ફળીયા વિસ્તારમાં બજારા પાર્ટી પ્લોટમાં લગ્નમાં આવેલ વેપારીની બાઇક ચોરી કરતો ગઠીયો સી.સી.ટીવીમાં કેદ પોલીસે સી.સી.ટીવી ફુટેજના આધારે ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

ગોધરાના દોઢપા ફળીયા વિસ્તારમાં આવેલ બંજારા પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગના કાર્યક્રમ હોય આ લગ્ન પ્રસંગમાં આવેલ વેપારીની બાઈક પાર્કીંગ કરેલ હતી. તે બાઈક ડુપ્લીકેટ ચાવીથી ગઠીયો ચોરી કરી ફરાર થયો. બંજારા પાર્ટી પ્લોટ માંથી બાઇકની ચોરી કરતાં ગઠીયો સી.સી.ટીવીમાં કેમેરામાં કેદ થયો. આ બાબતે બી ડીવીઝન પોલીસે સી.સી.ટીવી ફુટેજના આધારે બાઈક ચોરીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.



ઝાલોદ ખાતે દાહોદ જીલ્લાના મહામંત્રી નરેન્દ્રભાઈ સોનીની અધ્યક્ષતામાં મહાદેવ મંદિર થી ખોડીયાર માતાના મંદિર સુધી કાશી વિશ્વ નાથ મહાદેવનું નરેન્દ્ર મોદીના કરકમલો દ્વારા સુવિધાઓ સાથે, લોકાર્પણ કરવામાં આવ્યું છે.

# ૧૪ ડીસેમ્બર રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ



વિશ્વની વધતી જતી જનસંખ્યાની સાથે ઊર્જાની જરૂરિયાત પણ વધતી જાય છે. સામાન્ય જીવનમાં આપણે ઘણા બધા ઊર્જા સ્રોતોનો ઉપયોગ કરીએ છીએ જેમ કે વીજળી. વીજળી સામાન્ય જનજીવનની જરૂરિયાત છે. વીજળી વગરનું જીવન આજના લોકો માટે શક્ય નથી. આપણી આસપાસ નજર કરીએ તો ખ્યાલ પડે કે એવી એક પણ ક્ષણ નથી કે જ્યારે આપણે વીજળીનો પ્રયોગ ન કરતા હોઈએ. સીધી કે આડકતરી રીતે લોકોને હવે સતત એના સંપર્કમાં રેહવું જ પડે છે.

ભારતમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થાય છે. અશ્મિભૂત ઇંધણ(ઘણા વર્ષોની જહેમત બાદ પ્રાપ્ત થતું ઇંધણ જેનો વપરાશ કર્યા બાદ તે ઝડપતી પ્રાપ્ત થઈ શકતું નથી.), ક્રૂડ તેલ, કોલસો, કુદરતી ગેસ વગેરે રોજિંદા જીવનમાં ઉપયોગ માટે પૂરતી ઊર્જા ઉત્પન્ન કરે છે પરંતુ તેમની માટે વધતી માંગને કારણે કુદરતી સંસાધનોમાં ભવિષ્યમાં તેની અછત સર્જાઈ શકે છે. ઊર્જા સંરક્ષણ દ્વારા ઊર્જાની બચત કરી શકાય છે. આ ઊર્જા સ્ત્રોતોને બચાવવા માટે ભારત સરકાર દ્વારા ૧૪ ડિસેમ્બર, ૧૯૯૧નાં વર્ષથી રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ ઉજવવમાં આવે છે. ભારત સરકાર દ્વારા આ માટે કેટલીક યોજનાઓ પણ ઘડવામાં આવી છે. જેમકે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, સૂર્ય શક્તિ કિસાન યોજના, સૂર્ય કૂકર યોજના વગેરે. ઊર્જા સંરક્ષણ દિવસનો મુખ્ય હેતુ પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને બચાવવાનો છે. તેનાં માટે ઘણા પગલા લઈ શકાય છે :

– વીજળીનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો. જ્યાં ત્યાં લાઈટ અને પંખા ચાલુ હોય ત્યાં બંધ કરી દેવા અને ઈલેક્ટ્રીસીટી ઓછી વાપરે તેવા વાયરોનો ઉપયોગ કરવો જોઈએ.
– લાકડાનો ઉપયોગ ભારતમાં ઇંધણ તરીકે કરવામાં આવે છે.ગામડામાં મોટા ભાગના લોકો ખોરાક રાંધવા માટે પણ લાકડાનો ઉપયોગ કરે છે.જો એલપીજી નો ઉપયોગ ખોરાક રાંધવા માટે કરવામાં આવે તો લાકડાનો બચાવ થઈ શકે છે.
– હંમેશા આઈએસઆઈ સ્ટેમ્પ્ડ પાવર ટૂલ્સ વાળા વીજળી સાધનોનો ઉપયોગ કરવો.
– સોલાર ઊર્જાના ઉપયોગથી વીજળી અને અશ્મિભૂત ઇંધણનો બચાવ કરી શકીએ છીએ. સુર્યકુકરથી ભોજન બનાવી શકીએ છીએ.સોલાર બેટરી દ્વારા વીજળીનો પણ બચાવ કરી શકીએ છીએ.
– બળતણ માટે ગાયનાં છાણનો પણ ઉપયોગ કરી શકાય છે.
– પાણીનો વધુ પડતો વેડફાટ ન કરતા જરૂર પડે ત્યાં જ પાણીનો ઉપયોગ કરવો.

: મિત્તલ ખેતાણી :

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.): કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીજનોના સંપર્કથી સારી હૂંફ મળશે, વ્યવસાયના કામમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વધારો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સહકારી-સરકારી કામમાં સફળતા મળશે, નવા કરેલા કાર્યો ફળદાયી બનશે,નોકરી બાબતે સારા સમાચાર મળશે,ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે,ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : જિદ્દી સ્વભાવના કારણે માનસિક ચિંતા જણાશે, આર્થિક બાબતોમાં સારો સુધારો જણાશે,સેવાકીય પ્રવૃત્તિથી મન પ્રસન્ન જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે .

સિંહ (મ.ટ.) : દામ્પત્યજીવનમાં અણબનાવોથી તકલીફ જણાશે, સંતાનોને માટે નવું કરવાની ઉત્તમ તક મળશે,શુભ કાર્યોમાં સફળતા મળશે,નોકરીમાં બઢતીની તકો મળશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાકીય કામકાજમાં સફળતા મળશે,પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે,ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, ધંધામાં નવા સંબંધોમાં નિરાશા જણાશે,નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધૂરું જણાશે ,જૂના સંબંધો ખાસ સાચવી લેવા જરૂરી છે ,નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં સાધારણ ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : ભાગ્યબળથી અધૂરા કામ પૂરા થશે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે ,જવાબદારીવાળા કાર્યોમાં ગતિ આવશે,મન પ્રસન્ન અને દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદ-વિવાદવાળા કામથી બચવું,આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે,ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : ભાઈભાંડુના સહકારથી કામમાં સફળતા મળશે,નવા કામની ઓફર અને પૈસા કમાવવાની તક મળશે , સંતાનો સાથે સમય વીતાવી શકશો, પાડોશી સાથેના સંબંધોમાં શાંતિ રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તનાવ રહેવાની સંભાવના છે, કામમાં સાધારણ સફળતા મળશે, પ્રતિસ્પર્ધીઓથી સાવધાન રહેવું, નિરાશાથી દૂર રહી ખર્ચ બાબતે સંભાળવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીના પ્રચાર પ્રસાર પુરજોશમાં

દાહોદ,

દાહોદ જિલ્લામાં હાલ ગ્રામ પંચાયતનો ચુંટણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ઉમેદવારો પ્રચાર – પ્રસાર કરવા મેદાનમાં ઉતર્યા છે. મતદારોને રીઝવવા માટે ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે આ વખતની ગ્રામ પંચાયતની ચુંટણીમાં ખરાખરીનો જંગ જામશે તેમ જોવાઈ રહ્યું છે.

દાહોદ તાલુકામાં ૫૫ અને દાહોદ જિલ્લામાં કુલ ૩૫૧ ગ્રામ પંચાયતોના ચુંટણી પડઘમ શરૂ થઈઈ ગયાં છે. ઉમેદવારી પત્રો ભરાઈ પણ ગયાં અને ઉમેદવારો પોતપોતાની દાવેદારી નોંધાવી પણ દીધી. જિલ્લામાં ૨૪ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થવા પામી છે. ત્યારે બાકીની ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્યો મળી કુલ ૭૮૧૬ ઉમેદવારો રહેતાં ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થવા પામ્યું છે. આ ઉમેદવારો દ્વારા ાલ ચુંટણીની પુરજોશમાં તૈયારીઓનો આરંભ કરી દીધો છે. પોત પોતાના મત વિસ્તારોમાં મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. મંદિર, દેવસ્થાનો સહિતના સ્થળોએ માનતા રાખતા પણ ઉમેદવારો જોવા મળ્યાં હતાં. ભગવાનના શરણે પણ જતાં જોવા મળી રહ્યાં છે. ગામડે ગામડે ઉમેદવારો દ્વારા લોભ લાલચો આપી મતદારોને પોતાના પડખે કરતાં હોવાની પણ ચર્ચાઓ છડેચોક છઈ રહી છે ત્યારે ખરા અર્થમાં આ વખતે મતદારો કેવા પ્રકારનું રૂખ અપનાવશે તે જોવાનું રહ્યું. વિકાસના કામોને જોઈ મતદારો ઉમેદવારનો મત આપશે તે ચોક્કસ જોવાઈ રહ્યું છે. કારણ કે, દાહોદ જિલ્લાની ઘણી ગ્રામ પંચાયતો હજુ પણ વિકાસના કામોથી વંચિત રહ્યાં છે. ગ્રામીણ વિસ્તારના લોકોની માંગણી ખરા અર્થમાં વર્ષો વિતી ગયાં પરંતુ સંતોષી શકાઈ નથી. પાણી, રસ્તાઓ, સ્વચ્છતા જેવી વિવિધ સુવિધાઓને લઈ મતદારોમાં આ વખતે કોને મત આપવો તેવા વિચાર વિમર્શ પણ શરૂ થઈ ગયાં છે. તારીખ ૧૯.૧૨.૨૦૨૧ને રવિવારે મતદાન યોજાનાર છે અને તારીખ ૨૧.૧૨.૨૦૨૧ના રોજ મતગણતરી થનાર છે. ત્યારે કયાં સરપંચનો બેડો પાર થશે અને મતદારો કોના પડખે ઉભા રહેશે અને કોને કિનારે કરશે તે તો મતગણતરીના દિવસે જ ખબર પડશે.

# ઝાલોદના બંબેલા ગામેથી ટાવેરા એમ્બ્યુલન્સ ગાડી માંથી ૧.૨૨ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બંબેલા ગામેથી પોલીસે નાકાબંધી દરમ્યાન એક ટાવેરા એમ્બ્યુલંશ ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૧,૨૨,૪૦૦ના મુદ્દામાલ સાથે ચાલકની અટક કરી જયારે ગાડીમાં સવાર અન્ય એક ઈસમ પોલીસને ચકમો આપી નાસી ગયાનું જાણવા મળે છે. સમગ્ર મામલે પોલીસે વિદેશી દારૂ ભરી આપનાર અને મંગાવનાર એમ કુલ ચાર વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બુટલેગરો તેમજ ખેપીયાઓએ હવે નવી તરકીબ અપનાવી હોય તેમ લાગી રહ્યું છે. એમ્બ્યુલન્સની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં થયાં છે. અગાઉ પણ થોડા સમય પહેલા એમ્બ્યુલન્સ માંથી પોલીસ દારૂ ઝડપી પાડ્યો હતો. ત્યારે આવોજ એક વધુ કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગત તા.૧૨મી ડિસેમ્બરના રોજ બંબેલા ગામે લાસુણ ફળિયામાંથી એક ટાવેરા એમ્બ્યુલન્સ ગાડી પસાર થઈ હતી. પોલીસને શંકા જતાં એમ્બ્યુલન્સને ઉભી રાખતાં ગાડીમાં સવાર સતીષભાઈ ડીંડોર (રહે. બાંસવાડા, રાજસ્થાન) પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. જયારે ગાડીનો ચાલક પુષ્પેન્દ્રસિંહ પર્વતસિંહ ડાબી (રહે. બાંસવાડા, રાજસ્થાન)ને પોલીસે અટકાત કરી હતી. પોલીસે ટાવેરા એમ્બ્યુલન્સ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૧૪૪૦ કિંમત રૂા. ૧,૨૨,૪૦૦ના મુદ્દામાલ સાથે એક મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૭૭,૪૦૦/–નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ઝડપાયેલ ચાલકની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના પ્રતાપગઢ ખાતે રહેતો મુકેશભાઈ નામક ઈસમે ભરી આપ્યો હતો અને સમીરભાઈ (રહે. દાહોદ) નાએ મંગાવ્યો હોવાનું કબુલ્યું હતું.

આ સંબંધે ઝાલોદ પોલીસે ઉપરોકત ચારેય ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્ય સરકાર દ્વારા જનહિતમાં જારી...

રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય જોગ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, રાજ્યમાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલના વારસદારોને ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૂ. ૫૦,૦૦૦/ની સહાય (Ex-gratia assistance) આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આવા કોવિડ-૧૯થી મૃતકના વારસદારોને ઘરેબેઠા ઝડપી અને સરળતાથી સહાય મળી રહે તે માટે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

www.iora.gujarat.gov.in પોર્ટલના હોમપેજ ઉપર Covid-19 Ex-gratia payment પર ક્લિક કરવાથી આ મુજબની www.iora.gujarat.gov.in/Cov19_login.aspx લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પોર્ટલ ઉપર મોબાઇલ/કોમ્પ્યુટરથી OTP જનરેટ કરી નીચે મુજબના કોઈ પણ એક પુરાવો અપલોડ કરી અરજી કરવાની રહેશે.

- RT-PCR
- રેપીડ એન્ટીજન
- મોલેક્યુલર ટેસ્ટ
- કોવિડ-૧૯ની તબીબી સારવાર/નિદાનના આધારની નકલ
- ફોર્મ-૪ / ફોર્મ-૪-A

આ સિવાય નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

- મૃતકના મરણ પ્રમાણપત્રની નકલ
- વારસદારોનું સોગંધનામુ
- સહાય મેળવનાર વારસદારની બેંક પાસબુક/કોસ ચેકની નકલ

આ સિવાય, સબંધિત મામલતદાર કચેરી કે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ(ઓફલાઇન) અરજી પહોંચાડીને પણ અરજી કરી શકાશે.

અરજદાર/મૃતકના વારસદારને જો અરજીના નિર્ણય સામે વાંધો કે ફરીયાદ હોય તો નીચે જણાવ્યા મુજબની ગ્રીવન્સ રી-ડ્રેસલ સમિતિમાં ઓનલાઈન www.iora.gujarat.gov.in પોર્ટલ ઉપર અથવા રૂબરૂ કલેક્ટર કચેરી/મહાનગરપાલિકા કચેરીમાં અરજી કરી શકાશે.

-: મહાનગરપાલિકા વિસ્તાર માટે :-
- નાયબ મ્યુનિસીપલ કમિશનર(હેલ્થ) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- હેલ્થ ઓફીસર(MOH) સંબંધિત મહાનગરપાલિકા (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ,મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

-: મહાનગરપાલિકા સિવાયના વિસ્તાર માટે :-
- નિવાસી અધિક કલેક્ટર (RAC) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

આ સિવાય પોર્ટલ સંબંધિત ઓનલાઇન અરજી કરવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવા સારૂ હેલ્પલાઇન નં. ૧૦૭૭ અને સ્ટેટ કંટ્રોલરૂમ નં. ૦૭૯-૨૩૨૫૧૯૦૦ ઉપર સંપર્ક કરી શકાશે.

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

## દેવગઢબારીયાના ભૂલવણ ગામે

# જાતર માં ગયેલા ચાર વ્યકિતઓનું ફૂડ પોઈઝિંગ થતા મોત : ૧૨ ની હાલત ગંભીર





દાહોદ,

દેવગઢ બારીયા તાલુકા ના બૈણા ગામ ના ભૂલવણ ફળીયા માં છેલ્લા ત્રણ દિવસ થી આખા ગામની સામાજિક જાતર ની વિધિ માટે ગામના ગોંદરે ગામના વડવાઓ અને બીજા માણસો કરી રહ્યા હતા. ગઈકાલે જાતર વિધિ નો છેલ્લો દિવસ હતો અને ગામના માણસો આ વિધિ પૂરી કરી પોતાના ઘરે જતા રહ્યા હતા.

આજે ફરીથી જાતર વિધિ પુરી થયા પછી બીજા દિવસ ગામના ગોંદરે માણસો ભેગા થઈ હવન વિધિ કરી હોવાની હાલ પ્રાથમિક જાણકારી મળી છે કે જે વિધિ પૂર્ણ થયા પછી આજે આવેલ માણસો પોતાના ઘરે શાંતિ થી ખાઈ અને જતા રહ્યા હતા.પરંતુ સાંજે પાંચ છ વાગ્યાં પછી ઓચિંતા કોઈક ને મોઢામાં થી ફીણ નીકળવાનું શરૂ થયું અને કોઈ ને ચક્કર આવવું માથું દુખે તેવી અસર વર્તાઈ હતી. જે પછી ૧૦૮ મોબાઈલ બોલાવી તાત્કાલિક દેવગઢબારીયા ની સરકારી હોસ્પિટલ માં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.જ્યા દવાસારવાર મળે તે પહેલા (૧)માવી કનુભાઈ સોમાભાઈ, (૨)માવી દલસિંહ ધનજીભાઈ, (૩)માવિ બાબુભાઈ ફુલજીભાઈ, (૪) માવી સનાભાઇ ભવનભાઈ નું મોત નીપજ્યું હતું. જયારે બાર જેટલાં વ્યકિત હજુ ફૂડ પોઈઝિંગ ની અસર હોય જેમની પણ હાલત ગંભીર હોવાની માહિતી મળી છે.

**ફૂડ પોઈઝિંગ થયું હોવાનું અનુમાન : પીએમ રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત જાણવા મળશે**

આ સમાચારો લખાય છે ત્યાં સુધી માં આ બનાવ અંગે હજુ કોઈ જાણવાજોગ દેવગઢબારીયા પોલીસ માં અપાઈ નથી. બનાવ ની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી સાચી પરિસ્થિતિ નો તાગ મેળવવા પ્રયત્નો કરી રહી છે.

જાણવા મળ્યા મુજબ ઓરગન ફોસ્ફરસ કહેવાય તેવું જાણવા મળ્યું છે ખાસ બાબત એ છે કે આ ધાર્મિક પ્રસંગ માં ફકત એટલાજ વક્તી ને કેમ થયું એ મોટો સવાલ છે. આ ઘટના ને લઈ વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે અને આ વાત ને લ ઈ તપાસ ચાલુ છે.

# દાહોદ જિલ્લાના સંવેદનશીલ-અતિસંવેદનશીલ બુથ વિસ્તારોમાં પોલીસનો જડબેસલાક બંદોબસ્ત



દાહોદ,

દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ શાંત વાતાવરણમાં સંપન્ન થાયએ માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં ૩૨૫ થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી તા. ૧૯ ડિસેમ્બરે યોજાવાની છે. જે અનુસંધાને જિલ્લા પોલીસ રાઉન્ડ ધ કલોક કામગીરી કરી રહી છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી સંદર્ભે ૯૯ ટકાથી વધુ હથિયારોને જમા કરવામાં આવ્યા છે. ૪૦૦ થી વધુ નોનબેલેબલ વોરન્ટની બજવણી કરીને ચારસોથી લોકોને જેલભેગા કર્યા છે. ૪૬૦૦ થી વધુ અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. જેમાં ૧૨ થી વધુ પાસા અને ૮ થી વધુ તડીપારની દરખાસ્ત જિલ્લા પોલીસે કરી છે.

તેમણે ઉમેર્યું કે, અત્યારના તબક્કે જિલ્લામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથની વિગતો સપષ્ટ થઇ છે ત્યારે આ બુથની મુલાકાતો ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ સ્તરના પોલીસ અધિકારીઓ લઇ રહ્યાં છે અને ત્યાં ચુસ્ત વ્યવસ્થા સચવાઇની તકેદારી લઇ રહ્યાં છે. આ ઉપરાંત આ સ્થળોનાં ઉમેદવાર સાથે મુલાકાતો કરવામાં આવી રહી છે. સ્થાનિકો સાથે પણ મુલાકાતો યોજી ચૂંટણીમાં કોઇ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જે કે અડચણરૂપ ન બને તેમ સપષ્ટ જણાવવામાં આવી રહ્યું છે અને સપષ્ટ ચેતવણી આપવામાં આવી રહી છે કે, ચૂંટણીમાં ગેરસમજ કે ઈરાદાપૂર્વક વિક્ષેપ કરનાર વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવશે. બે થી વધુ ગુના દાખલ થાય તેમના વિરૂદ્ધ પાસાની દરખાસ્ત કરાશે.

પોલીસ દ્વારા આ સંદર્ભે રૂટ માર્ચ, ફલેગ માર્ચ, નાઇટ પેટ્રોલીગ, કોમ્બિંગ ઓપરેશન સહિતની કામગીરી રાઉન્ડ ધ કલોક ચાલી રહી છે. નાસતા ફરતા ૨૪ આરોપીઓને પણ પકડવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણી મુકત,ન્યાયી,શાંત વાતાવરણમાં યોજાઇ એ માટે ઉમેદવારોને, સમાજના અગ્રણીઓ – આગેવાનોને અપીલ કરૂ છું કે તેઓ સહકાર આપે. પોલીસ જરૂર પડે ત્યાં કડક હાથે અવશ્ય કામ લેશે. છેલ્લા વીસ દિવસમાં જિલ્લામાં ૪૬ લાખનો દારૂ પણ પોલીસે પકડી પાડી કડક કાર્યવાહી કરાઇ રહી છે.

## સંજેલી નગરમાં અગાઉના સરપંચોના હસ્તે ૨૦ વર્ષથી કામોના નામે મીંડું

# ગટરો સાફ સફાઈ અને પાણી જેવા એક પણ કામોમાં ધ્યાન ન અપાતું હોવાના પોસ્ટરો લાગ્યા



સંજેલી,

સંજેલી નગરમાં અગાઉ ના સરપંચના હસ્તે છેલ્લા ૨૦ વર્ષમાં કોઈ પણ કામો થયા નથી.ગામમાં સાફ સફાઈ ગટરો અને પાણી જેવા કામો માં દયાન આપવામાં આવતું નથી માટે આપણી સમસ્યા અને તેનું સમાધાન કરે એવા સરપંચને ચુંટવા માટેના રાતોરાત નગરમાં ચારેબાજુ બેનરો લગાવતા આશ્ચર્ય સર્જાયું છે.

સંજેલી નગરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને સરપંચ સહિત વોર્ડ સભ્યો માટે માહોલ ગરમાયો છે. ત્યારે બીજી તરફ સંજેલી નાગરિકોને જાણ કરવા માટેનો ગામના કોઈ નાગરિકો દ્વારા બેનરો લગાવવામાં આવ્યા છે. જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે, આપણા ગામમાં અગાઉના સરપંચોના હસ્તે ૨૦ વર્ષમાં કોઈપણ કામો કરવામાં આવ્યા નથી. ગામમાં સાફ સફાઇ ગટરો અને પીવાના પાણીને દયાનમાં લેવામાં આવતું નથી. એટલે કે, સંજેલી ગામમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ દર્શાવ્યો છે. સાથે સાથે ગામમાં કોઈ સમસ્યા થાય તો તેનું પણ દયાન રાખવામાં આવતું નથી, માટે એવા માણસ એટલે કે ઉમેદવારને સરપંચમાં લાવો કે જે આપણી સમસ્યા સમજી અને સમાધાન કરી શકે તેવા સંજેલી નગરમાં રાજમહેલ રોડ માંડલી ચોકડી બજારમાં મુખ્ય માર્ગો સહિત ઠેર ઠેર પોસ્ટરો લગાવવામાં આવતા ચૂંટણીનો માહોલ ગરમાયો છે. જેથી માજી સરપંચો ગામમાં પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ ગયા છે અને હાલ ફરી ચૂંટણીમાં મોટા મોટા વાયદાઓ કરી રહ્યા હોય તેમ ચારેકોર ચર્ચાનો વિષય બન્યો છે. સંજેલી ગ્રામ પંચાયતની ચૂંટણી છે અને જેમાં સરપંચ માટે પાંચ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં ઉતર્યા છે. જેમાં વાત કરીએ તો પાંચ પૈકીના બે ઉમેદવારો સંજેલી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ની જવાબદારી ભજવી ચુક્યા છે. અને બાકીના ત્રણ સરપંચો જે નવા ચહેરા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.95

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા પાલિકાના સફાઈ કામદારો પડતર માંગણીને લઈ અચોક્કસ મુદ્દતની હડતાલ



## સફાઈ કામદારોની હડતાલને લઈ માર્ગો ઉપર કચરો અને ગંદકી જોવા મળી

ગોધરા,

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને લઈ ૮ ડિસેમ્બરના રોજ લેખિત રજુઆત કરી હતી અને ૭ દિવસમાં યોગ્ય કાર્યવાહી ન કરાવતા ગાંધી ચિંધ્યા માર્ગે હડતાલની જાહેરાત કરવામાં આવી હતી. તે મુજબ આજરોજ પાલિકાના સફાઈ કામદારો અચોકકસ મુદ્દતની હડતાલ ઉર જતાં શહેરના માર્ગો ઉપર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું.

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને લઈ અવાર–નવાર રજુઆત કરવામાં આવતી હોય છે. પાલિકાના સફાઈ કામદારોના પગાર માંથી દર મહિને પી.એફ.ના નામે નાણાંની કપાત કરી લેવામાં આવે છે. તે પી.એફ.ના નાણાં પી.એફ. ફંડમાં જમા કરવામાં આવતા નથી. ૨૦૧૬ના વર્ષથી સફાઈ કામદારોના પગાર માંથી પી.એફ.ના નાણાં કાપી લઈને ચોરી ઉચાપત કરવામાં આવી છે. પી.એફ.ના નાણાં પી.એફ. ફંડમાં જમા નહીં કરનાર અધિકારી સામે પગલા ભરી ફોજદારી ગુનો દાખલ કરવાની માંગણી સફાઈ કામદારો દ્વારા કરાઈ હતી. પાલિકામાં સફાઈ કામદારોની ભરતી છેલ્લા ૫ વર્ષથી બાકી પડેલ છે. તેવી સફાઈ કામદારોની ભરતી કરાય. જે સફાઈ કામદારોને ભરતીને ૫ વર્ષ થયેલ છે. તેવા સફાઈ કામદારોના કુલ પગારમાં લેવામાં આવે. નિવૃત સફાઈ કમાદારોને છેલ્લા ચાર મહિનાથી બાકી પેન્શન ચુકવણી કરાય. પાલિકા દ્વારા સફાઈ કામદારોને સફાઈને લગતા સાધનો પાવડા, તગારા, અને કચરો ભરવાની લારી આપવામાં આવે.

નગર પાલિકામાં છેલ્લા લાંબા સમયથી વિવિધ માંગણીઓને લઈ લેખિત અને મૌખિક રજુઆત સફાઈ કામદારો વતી સામાજીક કાર્યકર કમલેશ ચૌહાણ દ્વારા કરવામાં આવતી હોય તેમ છતાં પાલિકા તંત્ર ધ્યાન આપવામાં આવ્યું નથી. જેને લઈ સામાજીક કાર્યકર દ્વારા ૮ ડીસેમ્બર ૨૦૨૧ના રોજ જીલ્લા કલેકટરને લેખિત રજુઆતથી સફાઈ કામદારોના પડતર પ્રશ્નોના યોગ્ય નિકાલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. તેમજ ૭ દિવસ બાદ અચોકકસ મુદ્દતની હડતાલ કરવાની જાહેરાત કરાઈ હતી. તે મુજબ આજરોજ ગોધરા પાલિકા કચેરી બહાર કમલેશ ચૌહાણ સામાજીક કાર્યકરની આગેવાનીમાં અચોકકસ મુદ્દતની હડતાલ ઉપર ઉતરેલ છે. સફાઈ કામદારોએ આજથી હડતાલ ઉપર ઉતરીને સફાઈ કામગીરી બંધ કરતાં નગરના રસ્તાઓ ઉપર કચરા અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

> ગોધરા નગર પાલિકાની આર્થિક સ્થિતીને ધ્યાનમાં રાખીને પગારો કરવામાં આવે છે અને સફાઈ કામદારોને પ્રથમ પ્રાયોરીટીમાં પગાર આપવામાં આવે છે. ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારો દ્વારા ભરતીને લઈ હાઈકોર્ટમાં કેસ કરેલ છે અને આ કેસની કાર્યવાહી હાલ પેન્ડીંગ છે અને આ કેસનો નિકાલ આવે નહીં ત્યાં સુધી કોઈ ભરતી કરી શકાય નહીં. ઈ.પી.એફ.ના નાણાં માટે કે.વાય.સી. જરૂરી છે. કે.વાય.સી.એ સફાઈ કામદારોની જવાબદારી છે. જે તેમને કરવાનું હોય છે. અને અમોએ નગર પાલિકા ખાતે કે.વાય.સી. કરવામાં માટે કેમ્પ પણ ચાલુ કર્યા છે. ગોધરા નગર પાલિકા દ્વારા સફાઈ કામદારોને સફાઈના જરૂરીયાત મુજબ સાધનો પણ આપવામાં આવે છે.
>
> **મુકેશ પટેલ, સેનેટરી ઈન્સ્પે. નગર પાલિકા, ગોધરા.**

## શહેરા તાલુકાની ૫૮ ગ્રામ પંચાયતો ચુંટણીને લઈ પ્રચાર પ્રસારના માહોલ જામ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલના શહેરા તાલુકામાં ૫૬ ગ્રામ પંચાયતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. જ્યારે ધામણોદ ગ્રામ પંચાયતમાં આ વખતની ગ્રામ પંચાયતની ચૂંટણી ભારે રસાકસીભરી બની રહે તો નવાઈ નહી.

શહેરા તાલુકામાં ૫૬ ગ્રામ પંચાયતમાં આવનાર ૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. જ્યારે ધામણોદ ગ્રામ પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારોએ માતાજીના આશીર્વાદ મેળવીને જોરશોરથી પ્રચાર શરૂ કર્યો હતો. જોકે આ વખતની આ ગામની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વધુ ઉમેદવારો હોવાથી ભારે રસાકસીભરી ગ્રામ પંચાયતની ચૂંટણી બની રહે તેવી શક્યતા જોવા મળી રહી છે. ઉમેદવારો પોતાના સમર્થકો સાથે પોતાના મત વિસ્તારમાં પહોંચી જઈને મતદારોને રિઝવવા માટે નો પ્રયાસો કરતા નજરે પડ્યા હતા. મતદારો પણ ગામનો વિકાસ કરે અને વધુ સુવિધા ઉપલબ્ધ કરે તેવા ઉમેદવાર પર પસંદગી નો કળશ ઢોળશે.



**"દિવ્ય કાશી ભવ્ય કાશી" કાર્યક્રમ અંતર્ગત આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કાશીવિશ્વનાથ ધામ, વારાણસી લોકાર્પણ પ્રસંગે સમગ્ર દેશના મંદિરોમાં દિવ્યકાશીભવ્યકાશી કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે ૧૨૫-મોરવા હડફ વિધાનસભામાં આવતા મોરેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવી હતી.**

## પાવાગઢ માતાજીના મંદિરના નિર્માણ કાર્યને લઈ ૧૭ ડીસેમ્બર સુધી દર્શન બંધ કરાયા



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

પંચમહાલ જીલ્લા સુપ્રસિદ્ધ પાવાગઢ યાત્રાધામ માતાજીના મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થતાં આજથી માતાજીના દર્શન દર્શનાર્થીઓ માટે બંધ કરાયું.

પાવાગઢ યાત્રાધામ ખાતે વિકાસલક્ષી કામો કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે હાલ પાવાગઢ ડુંગર ઉપર માતાજીના મંદિરના અગત્યના ભાગનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. માતાજીના મંદિરમાં હાથ ધરેલ નિર્માણ કાર્યને લઈ પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા તા.૧૩ થી ૧૭ ડિસેમ્બર સુધી માઈ ભકતોને માતાજીના દર્શન કરવા માટે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પાવાગઢ માતાજીના મંદિર ખાતે દર્શનાર્થીઓના દર્શન માટે બંધ કરવામાં આવ્યા.

## જુનાગઢ પોલીસે પકડેલ બિહારની ગેંગ દ્વારા ગોધરાની હાર્દિક સેલ્સ નામની દુકાન માંથી ૬.૪૮ લાખના મોબાઈલ અને એસેસરીઝ ચોરીની કબુલાત કરી

ગોધરા,

જુનાગઢ એમ.જી.રોડ ઉપર ફોનવાલા નામની દુકાનમાં ૨૯ નવેમ્બરના રોજ શટર ઉંચુ કરીને મોબાઈલ નંગ–૪૯ની ચોરી કરેલ હોય આ ચોરીમાં સંડોવાયેલા ઈસમોને ઝડપી પાડવાની કામગીરી એલ.સી.બી. જુનાગઢ અને એસ.ઓ.જી. પોલીસને સોંપવામાં આવી હતી. સી.સી.ટીવી ફુટેજના આધારે ખાનગી બાતમીદારો રોકીને તપાસ કરતા આ ગુન્હામાં મૂળ બિહારના હાલમાં અમદાવાદ નારોલ, શાહવાડી ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ઈસમો સંડોવાયેલ છે. તેવી બાતમીના આધારે જુનાગઢ પોલીસે પાંચ ઈસમોને ઝડપ્યા હતા. જ્યારે બે ઈસમોને ભાવગનર બસ સ્ટેશન ખાતેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ સાત ઈસમોની પુછપરછ દરમિયાન ગોધરા બસ સ્ટેશન પાસે આવેલ મોબાઈલની દુકાન માંથી ૨૭ મોબાઈલ ફોન તથા અન્ય મોબાઈલ એસેસરીઝ મળી ૬,૪૮,૮૬૫/– રૂપીયાના મુદ્દામાલની ચોરીની કબુલાત કરતા પંચમહાલ ગોધરા એલ.સી.બી.પોલીસ દ્વારા પકડાયેલ ૭ ઈસમોને ટ્રાન્સફર વોરંટની લાવવાની તજવીજ હાથ ધરી છે.

ગોધરા શહેર બસ સ્ટેશન પાસે બી.એન.ચેમ્બરની સામે આવેલ હાર્દિક સેલ્સ નામની દુકાન ૨૩ નવેમ્બર ૨૦૨૧ના રોજ રાત્રીના સમયે અજાણ્યા ઈસમો દ્વારા દુકાનનું શટર ઉંચુ કરીને દુકાન માંથી અલગ–અલગ કંપનીના ૨૭ મોબાઈલ ફોન તેમજ ચાર્જર મોબાઈલ એસેસરીઝ મળી કુલ કિંમત ૬,૪૮,૮૬૫/– રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી. હાલમાં જુનાગઢ એલ.સી.બી.પોલીસ એસ.ઓ.જી. પોલીસ દ્વારા જુનાગઢ ફાળવા ચોકમાં ફોનવાલે નામની દુકાન માંથી ૨૯ નવેમ્બર ૨૦૨૧ના રોજ ૫૪ મોબાઈલ ફોનની ચોરી કરેલ હોય તેની તપાસ હાથ ધરી હતી. સી.સી. ટીવી ફુટેજના આધારે પોલીસ ખાનગી બાતમીદારો રોકીને તપાસ હાથ ધરી હતી. આ ચોરીના ગુન્હામાં મૂળ બિહારના અને અમદાવાદ નારોલ, શાહવાડી, ઝુંપડપટ્ટીમાં રહેતા નિજામુદ્દીન, નઈમફકીર મોબીન દેવાત, ગુલશન કુશ્વાહ નામના ઈસમોને ઝડપી પાડેલ હતા.

પકડાયેલ પાંચ ઈસમો પાસે થેલા માંથી અલગ–અલગ કંપનીના મોબાઈલ ફોન, ચાર્જર તેમજ એસેસરીઝનો મુદ્દામાલ ઝડપી લીધો હતો. પકડાયેલ પાંચ ઈસમો અન્ય બે ઈસમો અંગે પુછપરછ કરતા હાલ ભાવનગર હોવાનું જણાવતા બે ઈસમોને ભાવનગર બસ સ્ટેશન ખાતેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. જુનાગઢ પોલીસે સાત ઈસમોની પુછપરછ હાથ ધરતા કડકાઈથી પુછપરછમાં ઈસમો ભાંગી પડયા હતા અને કબુલાત કરી હતી કે, ૨૨ નવેમ્બરના રોજ બિહાર થી અમદાવાદ આવ્યા હતા અને મોબાઈલ ફોનની દુકાનોની રેડ કરીને રાત્રીના સમયે ચોરી કરતા હતા. પોલીસે સાત ચોર ઈસમો પાસેથી ૮૧ મોબાઈલ ફોન, મોબાઈલ એસેસરીઝ રોકડા રૂપીયા ૬૦,૦૦૦/–મળી ૧૭,૧૨,૮૨૯/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે કર્યા હતા.



**આરોપીઓના નામો...**

(૧) ગોવિંદ S/o મદન શ્રી રામલોચન શાહ કાલુ (હલવાઈ) રહે. ધોડાહસન ગામ સરસ્વતી ચોક થાના ધોડાહસન તા.ધોડાહસન, જી.ઈસ્ટ ચંપારણ (મોતીહાર) બિહાર, (૨) નિજામુદીન S/o હલીમ સફરીન મીયાં દરજી (મુસ્લીમ) રહે. ધોડાહસન ગામ જોડા મંદિર પાસે, તા. ધોડાહસન જી.ઈસ્ટ ચંપારણ (મોતીહાર) બિહાર (૩) મોબીન S/o ભુના સલામત દેવાન મુસ્લીમ ફકીર રહે. ધોડાહસન બીરતાચોક, હસનનગર કબ્રસ્તાન પાસે થાણા ધોડાહસન જી.ઈસ્ટ ચંપારણ (મોતીહાર) બિહાર (૪) બબલુ ઉર્ફે બોબી S/o મદન ટીકોર શાહ (ગુપ્તા) રહે. ધોડાહસન બીરતાચોક, માઈસ્થાન થાણા– ધોડાહસન જી.ઈસ્ટ, ચંપારણ (મોતીહાર) બિહાર (૫) મુકેશ S/o છેદી સજાવલ રામ રહે. ધોડાહસન ભાગવાનપુરા કોટવાલા થાણા ધોડાહસન જ.ઈસ્ટ ચંપારણ (મોતીહારી) બિહાર (૬) ગુલશનકુમાર S/o બ્રહમાનંદપ્રસાદ ઠાગાપ્રસમદ કુસવાહા મહંતો રહે. ધોડાહસન ભગવાનપુર કોટવા ગામ બીરતાચોક તા. ધોડાહસન જી.ઈસ્ટ ચંપારણ (મોતીહારી) બિહાર (૭) નઈમ S/o હારીશ ગુલઝારસાંઈ દેવાન ફકીર રહે. કુરવા ફતેપુર છાપરા પો.સ્ટે. મરપા તાહીર થાણા બૈગનીયા જી. સીતામઢી રાજય બિહાર.

> ગોધરા બસ સ્ટેશન પાસે હાર્દિક સેલ્સ નામની મોબાઈલ ફોનની દુકાન માંથી મોબાઈલ ફોન અને એસેસરીઝની ચોરી કરનાર ઈસમો જુનાગઢ પોલીસની પકડમાં પુછપરછ દરમિયાન ગોધરાની ચોરીની કબુલાત કરતા પંચમહાલ પોલીસ દ્વારા સાત આરોપીઓના ટ્રાન્સફર વોરંટની લાવવાની તજવીજ હાથ ધરાઈ.

> જુનાગઢ એલ.સી.બી.પોલીસ દ્વારા મોબાઈલ ફોનની દુકાનની ચોરીના ગુન્હામાં મૂળ બિહાર અને હાલ અમદાવાદ શાહવાડી ઝુંપડપટ્ટી ખાતે રહેતા સાત ઈસમોને ઝડપ્યા હતા. પકડાયેલ ઈસમો દ્વારા જુનાગઢ કાળવા ચોક પાસેની દુકાન માંથી ૫૪ મોબાઈલ ફોન જ્યારે ગોધરા બસ સ્ટેશન પાસે હાર્દિક સેલ્સ નામની દુકાન માંથી મોબાઈલ ફોન-૨૭, તથા ચાર્જર, મોબાઈલ એસેસરીઝ મળી ૬,૪૮,૮૬૫/-રૂપીયાના ચોરી મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે ટાઈટન કંપની શો રૂમ ઘડીયાળ નંગ-૩૭૨ કિંમત ૩૩,૦૦,૦૦૦/-રૂપીયા, કલકત્તા થી દુર જંગલ એરીયામાં આવેલ મોબાઈલ દુકાનમાં મોબાઈલ ફોન નંગ-૫૫ની ચોરી કર્યાની કબુલાત કરી છે.

- જુનાગઢ પોલીસે મૂળ બિહારની અને અમદાવાદ ખાતે રહેતા ૭ ઈસમોને ઝડપ્યા.
- જુનાગઢ પોલીસે ૭ ઈસમો પાસેથી ૧૭.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો.
- જુનાગઢ ખાતે પકડાયેલ ૭ આરોપી ઈસમોને પંચમહાલ પોલીસે ટ્રાન્સફર વોરંટથી લાવવાની તજવીજ હાથ ધરી.

## " દિવ્ય કાશી ભવ્ય કાશી "



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**દિવ્ય કાશી ભવ્ય કાશી** કાર્યક્રમ અંતર્ગત આપણા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્દહસ્તે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ ધામનું લોકાર્પણ કરવામાં આવ્યું. તેનું લાઈવ પ્રસારણ નિહાળવાનો કાર્યક્રમ વૈજનાથ મહાદેવ મંદિર રાજગઢ પોલીસ સ્ટેશનની પાછળ જેકણપુરા જતા રસ્તા ઉપર ઘોઘંબા તાલુકા કક્ષાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ઘોઘંબા તાલુકાના સંગઠન મોરચાના તેમજ ચૂંટાયેલા તાલુકા પંચાયત સદસ્ય, જિલ્લા પંચાયત સદસ્યો, જિલ્લા સંગઠન મોરચાના હોદ્દેદારો તેમજ પાર્ટીના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.